Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in
અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો સુવિચાર
લોકો મોઢું ખોલવામાં વાર નથી લગાડતા પણ, આંખો ખોલવામાં આખી જિંદગી કાઢી નાખતા હોય છે

વેસ્ટર્ન ટાઇમ્સ
સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી
Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad
શુક્રવાર, તા.૧૯ મે, ૨૦૨૩
19/5/2023 * VOL : 43 * NO. 244 સંવત- ૨૦૭૯, વૈશાખ વદ-૩૦
Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

# આખરે કર્ણાટકનું કોકડું ઉકેલાયું: સિદ્ધારમૈયા મુખ્યમંત્રી

## શિવકુમાર ડે. સીએમ, ૨૦મીએ શપથ



**નવી દિલ્હી,**
સિદ્ધારમૈયા કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસે ડીકે શિવકુમારને ડેપ્યુટી સીએમ પદ આપવાનો નિર્ણય કર્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે લાંબી ચર્ચા બાદ કર્ણાટકમાં સરકાર બનાવવા માટે સર્વસંમતિ પર પહોંચી ગયા છે. શપથ ગ્રહણ સમારોહ શનિવારે (૨૦ મે) બેંગલુરુમાં યોજાશે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે એક સત્તાવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને આ અંગે સત્તાવાર જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે સિદ્ધારમૈયા સીએમ બનશે અને ડીકે શિવકુમાર ઉપમુખ્યમંત્રી. બધાએ કર્ણાટકમાં વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી છે. કોંગ્રેસમાં સરમુખત્યારશાહી નથી. બધાએ સર્વાનુમતે આ નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે સોનિયા ગાંધીના હસ્તક્ષેપ બાદ શિવકુમાર માની ગયા હતા. તેમણે બે શરતો મૂકી હતી કે સિદ્ધારમૈયાને ફક્ત બે વર્ષ માટે સીએમ બનાવવામાં આવે અને પછી તેમને ત્રણ વર્ષ શાસન સોંપવામાં આવે. તેમણે માગ કરી હતી કે તેઓ કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ પદે જળવાઈ રહેશે. આ માહિતી સૂત્રોએ આપી હતી. ડીકે શિવકુમારે કહ્યું કે તેઓ પાર્ટીના ફોર્મ્યુલા પર સહમત છે. સિદ્ધારમૈયાના નામ પર ઔપચારિક મહોર લગાવવા માટે આજે સાંજે ૭ વાગ્યે કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક બોલાવવામાં આવી છે. આ પછી કોંગ્રેસના નેતાઓ રાજ્યપાલને મળશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. અગાઉ, બંને નેતાઓ સિદ્ધારમૈયા અને શિવકુમાર, જેમને મુખ્યમંત્રી પદના પ્રબળ

## સોનિયા ગાંધીના હસ્તક્ષેપ બાદ શિવકુમાર માન્યા

દાવેદાર માનવામાં આવી રહ્યા હતા તેમણે બુધવારે (૧૭ મે) કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં અલગ-અલગ મુલાકાત કરી હતી. ત્યારપછી બુધવારે રાત્રે શિવકુમાર સુરજેવાલાના નિવાસસ્થાને મળ્યા હતા અને ત્યારબાદ કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલ અને સુરજેવાલાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે તેમની સાથે ચર્ચા કરી હતી. સિદ્ધારમૈયા રાત્રે વેણુગોપાલના ઘરે ગયા અને તેમની અને સુરજેવાલા સાથે વાતચીત કરી. કર્ણાટકમાં ૨૨૪ વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ ૧૩૫ બેઠકો જીતી છે. જ્યારે બીજેપી ૬૬ અને જેડીએસ ૧૯ સમેટાઈ ગઈ હતી. ચૂંટણીનું પરિણામ ૧૩ મે (શનિવાર)ના રોજ આવ્યા હતા. ત્યારથી સવાલ એ હતો કે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારમાંથી કોણ કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બનશે. સીએમની પસંદગી કરવા માટે રવિવારે સાંજે બેંગલુરુમાં કોંગ્રેસ લેજિસ્લેચર પાર્ટીની બેઠક મળી હતી. આ બેઠકમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને પક્ષ પ્રમુખને ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. આ પછી, પાર્ટીના ત્રણ નિરીક્ષકો, વરિષ્ઠ નેતા સુશીલ કુમાર શિંદે, જિતેન્દ્ર સિંહ અને દીપક બાબરિયા, જેમને ધારાસભ્યોનો અભિપ્રાય જાણવા માટે બેંગ્લોર મોકલવામાં આવ્યા હતા, તેઓ સોમવારે દિલ્હી પરત ફર્યા હતા. આ નેતાઓએ ધારાસભ્યોના અભિપ્રાય જાણવા માટે ગુપ્ત મતદાન પણ કરાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### દક્ષિણ મેક્સિકોમાં ૬.૪-તીવ્રતાનો ભૂકંપ

**(એજન્સી)ગ્વાટેમાલા,**
મેક્સિકો અને ગ્વાટેમાલામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મધ્ય અમેરિકન રાષ્ટ્ર અને દક્ષિણ મેક્સિકોના ભાગોને ૬.૪-તીવ્રતાના ભૂકંપના આંચકાએ હચમચાવી દીધા હતા. જો કે ભૂકંપના કારણે કોઈ નુકસાનના અહેવાલ નથી. યુએસ જીઓલોજિકલ સર્વેના જણાવ્યું અનુસાર આ ભૂકંપની ૬.૪ તીવ્રતા માપવામાં આવી હતી. આ ભૂકંપ ૨૫૨ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો અને તેનું કેન્દ્ર કેનિલા, ગ્વાટેમાલાની નગરપાલિકાથી ૨ કિલોમીટર દક્ષિણપૂર્વમાં હતું. ભૂંકપને કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. ગ્વાટેમાલાની એક ખાનગી એજન્સીના જણાવ્યા મુજબ હાલ ભૂકંપથી તાત્કાલિક નુકસાનના કોઈ અહેવાલ નથી. આ ઉપરાંત દક્ષિણ મેક્સીકન રાજ્ય ચિયાપાસમાં નાગરિક સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે સંપત્તિને કોઈ નુકસાન થયું નથી. પાડોશી દેશ અલ સાલ્વાડોરે ટ્વીટ કર્યું છે કે ભૂકંપથી સુનામીનો કોઈ ખતરો નથી.

### ઈટાલીમાં વિનાશક પૂરથી આઠનાં મોત

**(એજન્સી)રોમ,**
ઉત્તર ઈટાલીના એમિલિયા-રોમાગ્ના વિસ્તારમાં વિનાશક પૂરના કારણે આઠ લોકોના મોત થયા છે. ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાયા હતા અને લોકોએ પોતાના ઘરની છત પર આશરો લેવો પડ્યો હતો. પૂર પ્રભાવિત વિસ્તારમાંથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નાગરિક સુરક્ષા મંત્રી નેલો મુસુમેસીએ જણાવ્યું હતું કે જેટલો વરસાદ વર્ષ દરમિયાન થાય છે તેનો અડધો તો છેલ્લા ૩૬ કલાકમાં જ વરસી ગયો હતો. ઈટાલીમાં સામાન્ય રીતે આખા વર્ષ દરમિયાન ૧૦૦૦ મીમી વરસાદ પડે છે. જ્યારે હવે ત્યાં ૩૬ કલાકમાં ૫૦૦ મીમી વરસાદ પડ્યો છે. જેના કારણે નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહેવા લાગી, શહેરોના રસ્તાઓ પાણીથી છલકાઈ ગયા અને હજારો હેક્ટર ખેતીની જમીન પૂરની લપેટમાં આવી ગઈ. પૂરના કારણે ઈમોલાની દક્ષિણે, ફેન્ઝા, સેસેના અને ફોર્લીની શેરીઓમાં પાર્ક કરેલી કારોની છત પર કાદવવાળું પાણી ફરી વળ્યું હતું.

### આગામી ૫ વર્ષ અસહ્ય ગરમી પડશે

**(એજન્સી)નવી દિલ્હી,**
વિશ્વ હવામાન સંસ્થાએ વૈશ્વિક તાપમાન સંબંધિત તેના નવા વિશ્લેષણમાં જણાવ્યું હતું કે વૈશ્વિક તાપમાન આગામી ૫ વર્ષમાં પ્રથમ વખત ૧.૫ ડિગ્રી સેલ્સિયસની મર્યાદાને વટાવી જશે. તે જણાવે છે કે આગામી પાંચ વર્ષમાં ઓછામાં ઓછા અસ્થાયી રૂપે ૧.૫ સે તાપમાનની નિર્ધારિત મર્યાદાનો ભંગ થઈ શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, WMO વિશ્લેષણમાં જણાવાયું છે કે ૨૦૨૩ અને ૨૦૨૭ની વચ્ચે ઓછામાં ઓછા એક વર્ષમાં વૈશ્વિક તાપમાન પૂર્વ-ઔદ્યોગિક સરેરાશ કરતાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી ઉપર રહેવાની ૬૬ ટકા સંભાવના છે. તે જ સમયે, એવી પણ ૯૮ ટકા સંભાવના છે કે આમાંથી એક વર્ષ ૨૦૧૬ને વટાવીને રેકોર્ડ પરનું સૌથી ગરમ વર્ષ સાબિત થશે.

## જલ્લીકટ્ટુ, કમ્બાલા અને બળદ ગાડાની રેસ કાયદેસર : સુપ્રીમ

**(એજન્સી)નવી દિલ્હી,**
તમિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોમાં જલ્લીકટ્ટુ, કમ્બાલા અને બળદગાડાની રેસને મંજૂરી આપતા કાયદાઓની બંધારણીયતાને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ આજે પોતાનો ચુકાદો આપ્યો છે. ૮ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ, બંધારણીય બેંચે આ મામલે સુનાવણી પૂર્ણ કર્યા પછી નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. હવે લગભગ પાંચ મહિના બાદ બંધારણીય બેંચ આ મામલે પોતાનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ જલ્લીકટ્ટુ, કમ્બાલા અને બળદગાડાની રેસને કાયદેસર માન્યતા યથવાત રાખી છે. જલ્લીકટ્ટુ, જેને ઈરુથાઝુવુથલ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનું આયોજન પોંગલમાં પાકની લણણી વખતે રમતી આખલા સાથે રમતી રમત છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેએમ જોસેફની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચે સર્વસંમતિથી ચુકાદામાં મહારાષ્ટ્રમાં બળદગાડાની રેસની માન્યતાને સમર્થન આપ્યું હતું. પાંચ જજોની બેન્ચના અન્ય જજોમાં જસ્ટિસ અજય રસ્તોગી, જસ્ટિસ અનિરુદ્ધ બોઝ, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ સીટી રવિકુમાર પણ સામેલ હતા.

## તહવ્વુર રાણાના ભારતમાં પ્રત્યાર્પણને યુએસ કોર્ટની મંજૂરી



**તેને હવે ભારત મોકલવામાં આવશેઃ ૨૬/૧૧નાહૂમલાના દોષિત અંગે ભારતને સફળતા**

**(એજન્સી)વોશિંગ્ટન,**
અમેરિકાની એક અદાલતે ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના દોષિત પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાના ભારતમાં પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. કેલિફોર્નિયાની એક કોર્ટે કહ્યું કે ૨૬/૧૧ના હુમલામાં વોન્ટેડ રાણાને અમેરિકાની જેલમાં બંધ કરી દેવામાં આવ્યો હતો અને તેને હવે ભારત મોકલવામાં આવી શકે છે. ભારતે ૧૦ જૂન, ૨૦૨૦ ના પ્રત્યાર્પણના દૃષ્ટિકોણથી ૬૨ વર્ષીય રાણાની કામચલાઉ ધરપકડની માંગ સાથે ફરિયાદ નોંધાવી હતી. બાઈડેન સરકારે રાણાના ભારતમાં પ્રત્યાર્પણને સમર્થન અને મંજૂરી આપી હતી. ૧૬ મે (મંગળવાર) ના રોજ ૪૮ પાનાના આદેશમાં, યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટ સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ ઑફ કેલિફોર્નિયાના મેજિસ્ટ્રેટ જજ જેક્વેલિન ચુલજિયાને જણાવ્યું હતું કે કોર્ટે અપીલના સમર્થન અને વિરોધમાં રજૂ કરાયેલા તમામ દસ્તાવેજોની સમીક્ષા કરી છે અને તેમના પર સુનાવણીમાં પ્રસ્તુત દલીલોને ધ્યાનમાં લીધી છે. ન્યાયાધીશે કહ્યું કે અદાલતે તારણ કાઢ્યું છે કે રાણા એ ગુનાઓ માટે પ્રત્યાર્પણ પાત્ર છે જેના માટે તેના પ્રત્યાર્પણની વિનંતી કરવામાં આવી હતી. આ આદેશ બુધવારે (૧૭ મે) જારી કરવામાં આવ્યો હતો. જજે લખ્યું કે આવી સમીક્ષા અને વિચારણાના આધારે અને અહીં કરવામાં આવેલી ચર્ચાઓ પછી, અદાલત નીચેના તારણો પર પહોંચી છે અને અમેરિકી વિદેશ મંત્રાલયને મંજૂરી આપે છે કે રાણા જે ગુનાઓ માટે તેના પ્રત્યાર્પણની વિનંતી કરવામાં આવે છે તેના માટે પ્રત્યાર્પણપાત્ર છે.
ઉલ્લેખનીય છે કે ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના રોજ મુંબઈમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં તેની ભૂમિકા માટે ભારતે તેના પ્રત્યાર્પણની વિનંતી કર્યા પછી રાણાની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતની રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ૨૦૦૮માં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ૨૬/૧૧ના હુમલામાં રાણાની ભૂમિકાની તપાસ કરી રહી છે. એનઆઈએએ કહ્યું કે તે રાણાને ભારત પરત લાવવા માટે રાજદ્વારી માધ્યમો દ્વારા કાર્યવાહી શરૂ કરવા તૈયાર છે.

## હિન્દુજા ગ્રુપના ચેરમેન એસ.પી. હિન્દુજાનું નિધન

**(એજન્સી)નવીદિલ્હી,**
હિન્દુજા ગ્રુપના ચેરમેન એસપી હિન્દુજાનું નિધન થયું છે. તેઓ તેમના ચાર ભાઈઓ સાથે લંડનમાં રહેતા હતા. એસપી હિન્દુજા તેમાં સૌથી મોટા હતા. ૮૭ વર્ષના એસપી હિન્દુજા ડિમેન્શિયાથી પીડિત હતા. એસપી હિન્દુજાની પત્ની મધુનું આ વર્ષે ૬ જાન્યુઆરીએ નિધન થયું હતું. એસપી હિંદુજાનું નિધન માત્ર હિન્દુજા પરિવાર માટે જ નહીં પરંતુ બિઝનેસ જગત માટે પણ મોટી ખોટ છે. હિન્દુજા પરિવારનો બિઝનેસ ૩૮ દેશોમાં ફેલાયેલો છે અને અહીં ૧.૫ લાખથી વધુ લોકો કામ કરે છે.

## ફિલ્મ ધ કેરાલા સ્ટોરી પરનો પ્રતિબંધ સુપ્રીમે હટાવ્યો




**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે ફિલ્મ ધ કેરેલા સ્ટોરીપર લગાવેલો પ્રતિબંધ હટાવી દીધો છે. હવે આ ફિલ્મ પશ્ચિમ બંગાળમાં રિલીઝ થશે. આજે સુપ્રીમ કોર્ટે બંગાળમાં ધ કેરેલા સ્ટોરીપર લાગેલા પ્રતિબંધ મામલે સુનાવણી કરી હતી. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે બંગાળ સરકારને કહ્યું કે શક્તિનો ઉપયોગ સંયમથી થવો જોઈએ. ફિલ્મને ચોક્કસ જિલ્લામાં પ્રતિબંધિત કરી શકાય પણ સમગ્ર રાજ્યમાં નહીં! જનતાની લાગણીઓને કાબૂમાં રાખવી એ સરકારનો વિશેષાધિકાર છે ફિલ્મ પર પ્રતિબંધ ન મૂકી શકાય.
મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે રાજ્ય શક્તિનો ઉપયોગ પ્રમાણસર હોવો જોઈએ. કોઈપણ પ્રકારની અસહિષ્ણુતા સહન કરી શકાતી નથી પરંતુ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર કોઈની લાગણીના જાહેર પ્રદર્શનના આધારે નક્કી નથી કરી શકાતો. લાગણીઓનું જાહેર પ્રદર્શન નિયંત્રિત હોવું જોઈએ જો તમને તે પસંદ ન હોય તો તેને ન જોશો. પશ્ચિમ બંગાળમાં ફિલ્મ ધ કેરેલા સ્ટોરીપર પ્રતિબંધ મુકવા મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે, ફિલ્મનું ટીઝર જેમાં ૩૨૦૦૦ છોકરીઓને નિશાન બનાવવામાં આવી હતી તેને હટાવી દેવામાં આવી છે. કેરળ હાઈકોર્ટે પણ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાનો ઈન્કાર કરી દીધો હતો. તે હાઈકોર્ટે પણ આદેશમાં આ વાત લખી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે તમિલનાડુ સરકારને પણ નિર્દેશ આપ્યો છે કે, ફિલ્મની સ્ક્રીનિંગ અને મૂવી જોનારાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે ફિલ્મના નિર્માતાઓએ કહ્યું કે, તેઓ ફિલ્મમાં એક વધારાનું ડિસ્ક્લેમર ઉમેરે કે એવા કોઈ પ્રામાણિક ડેટા નથી કે ધર્માંતરણની સંખ્યા ૩૨,૦૦૦ છે અથવા અન્ય કોઈ આંકડો છે.

## રિજિજુ-એસ.પી. સિંહ બઘેલ પાસેથી કાયદા મંત્રાલય છીનવી લેવાયું



**(એજન્સી)નવી દિલ્હી,**
મોદી સરકારના રાજ્યમંત્રીનો વિભાગ છીનવાયો છે. એસ.પી.સિંહ બઘેલને સ્વાસ્થ્ય મંત્રીની જવાબદારી સોંપાઈ છે. વડાપ્રધાનની સૂચના પર રાજ્યમંત્રી એસ.પી. સિંહ બઘેલના વિભાગને બદલ્યો હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળશે.
મોદી કેબિનેટમાં સતત ફેરફારો થઈ રહ્યા છે. એવું સામે આવ્યું છે કે, કિરેન રિજિજુ પાસેથી કાયદા મંત્રાલય સંભાળ્યા બાદ હવે તેમના નાયબ મંત્રીને પણ કાયદા મંત્રાલયમાંથી હટાવી દેવામાં આવ્યા છે.
વડાપ્રધાનની સૂચના પર રાજ્યમંત્રી એસ.પી. સિંહ બઘેલના વિભાગને બદલવામાં આવ્યો છે. હવે તેઓ કાયદા અને ન્યાય મંત્રાલયમાં રાજ્ય મંત્રીના સ્થાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી તરીકેની નવી જવાબદારી સંભાળશે. મોદી સરકારમાં મોટા ફેરબદલના અહેવાલ આવ્યા છે. કાયદા મંત્રી પદેથી કિરેન રિજિજુને હટાવી દેવામાં આવ્યા છે. તેમની જગ્યાએ અર્જુનરામ મેઘવાલને કાયદા મંત્રી જાહેર કરાયા છે. અહેવાલ અનુસાર કિરેન રિજિજુને બીજા કોઈ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી શકે છે. માહિતી અનુસાર તેમને અર્થ સાયન્સ મંત્રાલય સોંપવામાં આવ્યાનો નિર્ણય થયો છે. કિરેન રિજિજુ અરુણાચલ પ્રદેશના રહેવાસી છે. છેલ્લા કેટલાક સમયથી તેઓ નિવૃત્ત ન્યાયાધીશો પર કરેલી ટિપ્પણીઓને કારણે ચર્ચામાં છે. કિરેન રિજિજુએ કોલેજિયમ સિસ્ટમ વિશે પણ કહ્યું હતું કે, દેશમાં કોઈ કોઈને ચેતવણી આપી શકે નહીં. દેશમાં દરેક વ્યક્તિ બંધારણ પ્રમાણે કામ કરે છે. આ સિવાય તેમણે કેટલાક આકરા પ્રહાર કર્યા હતા.

**મોદી સરકાર દ્વારા કેબિનેટમાં ફેરફાર કરાયો**

## ઈમરાનખાનને પાકિસ્તાન છોડવા માટે સેનાની ઓફર

**(એજન્સી)ઈસ્લામાબાદ,**
પાકિસ્તાનમાં ઈમરાન ખાન અને સેના વચ્ચે તણાવ વધી રહ્યો છે. અલ કાદિર ટ્રસ્ટ મામલે ૯ મે ના રોજ ઈમરાન ખાનની ધરપકડ કરી લેવામાં આવી હતી. જોકે, બે દિવસ બાદ તેમને જામીન મળી ગયા હતા. ઈમરાન ખાનની ધરપકડ બાદ પ્રદર્શનકારીઓએ પાકિસ્તાન સેનાને નિશાન બનાવી જેના કારણે સેના બોખલાઈ ગઈ છે. પ્રદર્શનકારીઓ સામે આર્મી એક્ટ હેઠળ કેસ દાખલ કરવાનું એલાન કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાની સેનાએ ઈમરાન ખાનને એક ઓફર કરી છે.
પાકિસ્તાની આર્મીએ પૂર્વ પીએમ ઈમરાન ખાનને પાકિસ્તાન છોડી દેવાની ઓફર આપી છે અને કહ્યું કે, નહીંતર આર્મી એક્ટનો સામનો કરવા માટે તૈયાર થઈ જાઓ. ઈમરાન ખાનને આર્મી તરફથી દુબઈ અને લંડન જવાની ઓફર આપવામાં આવી છે. દેશની આર્મીએ કહ્યું કે, જો ઈમરાન ખાન દેશ છોડી દેશે તે આર્મી તેમના પર કોઈ કેસ નહીં કરશે.
ઈમરાન ખાને પાકિસ્તાની સેના દ્વારા આપવામાં આવેલ ઓફર માનવાનો ઈનકાર કરી દીધો છે. પાકિસ્તાની સેનાને જડબાતોડ જવાબ આપતા તેણે કહ્યું કે, ગમે તે થાય, હું પાકિસ્તાન નહીં છોડીશ. આ પહેલા પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે ઈમરાન ખાનના સમર્થકોને ખુલ્લેઆમ ધમકી આપી હતી કે, જો ૯ મેના કૃત્યનું પુનરાવર્તન થશે તો અમે સહન નહીં કરીએ. તેમણે આ નિવેદન સિયાલકોટ ગેરિસનની મુલાકાત દરમિયાન આપ્યું હતું જ્યાં તેઓ શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરવા ગયા હતા. પાકિસ્તાનમાં બે દિવસ પહેલા ધરપકડ કરાયેલા દેખાવકારો પર આર્મી એક્ટ હેઠળ કેસ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. દેશના કોઈપણ આંતરિક મામલામાં સેનાની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. પાકિસ્તાન સેનાએ સરકારને આર્મી એક્ટ લાગુ કરવાનું કહ્યું હતું. આર્મી એક્ટને ઓફિશિયલ સિક્રેટ એક્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## શારીરિક શોષણના પુરાવા માગતા કુશ્તીબાજોમાં રોષ

**(એજન્સી)નવી દિલ્હી,**
રાજધાની દિલ્હીના જંતર-મંતર પર કુસ્તીબાજોનું પ્રદર્શન ચાલુ છે. અગ્રણી ચહેરાઓમાંથી એક અને દેશના સૌથી મોટા કુસ્તીબાજોમાંથી એક સાક્ષી મલિક ખુલીને વાત કરી છે. તેણે કહ્યું હતું કે કે બ્રિજ ભૂષણ જેવા મજબૂત વ્યક્તિની સામે જવા માટે ઘણી હિંમતની જરૂર પડે છે. આ ઉપરાંત તેણે વધુમા કહ્યું કે હવે તેમને દેખરેખ સમિતિમાં બિલકુલ વિશ્વાસ નથી. કુસ્તીબાજોએ મેડલ પરત કરવાની ધમકી આપી છે.
એક ઈન્ટરવ્યુમાં ઉત્પીડન સામે અવાજ ઉઠાવવામાં આટલો સમય લાગવા પર સાક્ષી મલિકે કહ્યું જ્યારે મહિલા ખેલાડીઓમાં હિંમત આવી ત્યારે બોલ્યા અને બ્રિજ ભૂષણ જેવા શક્તિશાળી અને જોડાયેલા વ્યક્તિ સામે બોલવા માટે ઘણી હિંમતની જરૂર પડે છે. અમે નક્કી કર્યું છે કે હવે યૌન શોષણ સામે અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે. આ ઉપરાંત મલિકે દાવો કર્યો હતો કે ફરિયાદ કરનાર યુવતીઓને ધમકીઓ મળી રહી છે. તેણે કહ્યું કે સગીરના પરિવારને પણ ધમકી આપવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે જે સ્કૂલમાં સગીર છોકરી અભ્યાસ કરે છે ત્યાં તે સગીર નથી તે બતાવવા માટે તેની જન્મતારીખ બદલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## એનસીબીએ મોટો ખુલાસો કર્યો

**(એજન્સી)નવી દિલ્હી,**
નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ઓપરેશન સમુદ્રગુપ્ત હેઠળ ૧૨,૦૦૦ કરોડની કિંમતનું ૨,૫૦૦ કિલો ઉચ્ચ શુદ્ધતાનું મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું છે. આ કેસમાં એનસીબીએ એક શંકાસ્પદ પાકિસ્તાની નાગરિકની અટકાયત કરી છે. ચીફ સંજય સિંહ સાથે ખાસ વાતચીત કરી, જેમાં તેણે ખુલાસો કર્યો છે કે પાકિસ્તાન આખી દુનિયામાં ડ્રગ રેકેટ ચલાવી રહ્યું છે. એનસીબી ચીફે કહ્યું, અમને એવા ઘણા અહેવાલો મળી રહ્યા હતા કે પાકિસ્તાન અને ઈરાન દ્વારા સમગ્ર વિશ્વમાં ડ્રગ્સ સપ્લાય કરવામાં આવે છે. આ માર્ગ દ્વારા ભારતમાં ડ્રગ્સ પણ આવી રહ્યું હતું, ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૨માં 'ઓપરેશન સમુદ્રગુપ્ત' શરૂ કરવામાં આવ્યું હતું. સંજય સિંહે જણાવ્યું કે અમને આ ઓપરેશનમાં પહેલી સફળતા ફેબ્રુઆરી મહિનામાં જ મળી હતી. તે દરમિયાન અમે ૭૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ પછી અમે એક પછી એક અનેક કન્સાઈનમેન્ટ જપ્ત કર્યા. સંજય સિંહે કહ્યું, અમારી ટીમે એક શંકાસ્પદ પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી છે. આ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી રહી છે અને આશા છે કે આગામી થોડા દિવસોમાં આ કેસમાં વધુ ધરપકડ કરવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે આ ઓપરેશનની શરૂઆતથી અત્યાર સુધીમાં ૪૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જેની કિંમત લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયા છે.









# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ૨૦મી મેએ ગાંધીનગર આવશે



**(એજન્સી)ગાંધીનગર,**
વધુ એકવાર કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિત શાહ ૨૦મી મેએ ગાંધીનગર શહેરની મુલાકાત લેવાના છે. શહેરમાં તથા પોતાના મત વિસ્તારમાં થયેલા વિકાસકાર્યોનું લોકાર્પણ કરવાની સાથે મહત્વના મુદ્દે ચર્ચા વિચારણા કરશે. આ દરમિયાન ગૃહમંત્રી બોરીજની ત્રણ આંગણવાડી કેન્દ્રોના બાળકોને રમકડાનું વિતરણ કરશે. આ રમકડાઓ શહેરમાં ઘરે-ઘરે ફરીને એકત્ર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી આ પછી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ ૪૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોની ખાતમુહૂર્ત અને લોકાર્પણમાં હાજરી આપવાના છે. જીએમઈઆરએસ ઓડિટોરિયમમાં યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નગરજનોની સુખાકારી માટે વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવી રહ્યુ છે, આગામી સમયમાં શહેરીજનોની સુવિધામાં વધારો કરવા માટે જુદા-જુદા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. જેમાં કુલ ૪૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ તથા સહકારિતામંત્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ સભ્ય હસમુખભાઈ પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ ચેરમેન જસવંતભાઈ પટેલ તેમજ કાઉન્સિલરો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર ખાતે પાર્કિંગના નવીનીકરણની કામગીરી, સેક્ટર-૧૧, ૧૭, ૨૧ અને ૨૨ના આંતરિક રોડને ફોરલેન કરવાની કામગીરી અને વિવિધ સ્થાનો પર સોલાર રૂફટોપ સિસ્ટમ અને સોલાર ટ્રી મુકવાની કામગીરીનું લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત રોડ નંબર-૬ એલસી, ૧૧સી પર રેલ્વે ઓવરબ્રીજ બનાવાવની કામગીરી, રાંધેજા અને પેથાપુર વિસ્તારમાં નવા સ્મશાનગૃહ તથા હયાત સ્મશાનના રિનોવેશનની કામગીરી, ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીઓ તથા કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાટર્સ બનમાવવાની કામગીરી, વાવોલ મહાકાળી ટેમ્પલ ખાતે તળાવ ડેવલપમેન્ટની કામગીરી કરવામાં આવશે.



એએમસી દ્વારા જુનાવાડજથી રાણીપ જવાના રોડ પર રામાપીરના ટેકરા પર રબારી વસાહતનું ગેરકાયદેસર બાંધકામ તોડી પડાયું હતું.(**તસવીર :જયેશ મોદી**)

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

# હજીરાઃ તળાવમાં ડૂબી જતાં બે સગી બહેનોનાં મોત

**(એજન્સી)સુરત,**
સુરતના હજીરામાં તળાવમાં ડૂબી જતા બે સગી બહેનોના મોત થયા છે. આ ઘટનાની મૃતક દીકરીઓના પરિવાર પર આભ તૂટી પડ્યું છે, તો સમગ્ર વિસ્તારમાં પણ શોકનું મોજું ફરી વળ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ આ બંને બહેનો બહાર રમવા ગઈ હતી અને ઘરે પરત ન ફરતા બંનેની શોધખોળ કરવામાં આવી હતી. સાંજે ચાર વાગ્યાની આસપાસ બંને બાળાઓ છસ્દ્રજી ટાઉનશીપમાં આવેલ તળાવમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. બંને બાળાઓને બહાર કાઢી સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ બાળાઓને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતા હજીરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. હજીરા પોલીસે બંને મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. બાળાઓ રમતી રમતી તળાવમાં જઈ પડી હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

# લવ જેહાદની ઘટનામાં પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરવા હર્ષ સંઘવીની તાકીદ

**અમદાવાદ,**
ગુજરાતની ધરતી ઉપર પ્રેમ કરવાનો કોઈ ગુનો નથી, પરંતુ કોઈ વ્યક્તિ પોતાની ઓળખ છુપાવીને હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવનારને છોડવામાં આવશે નહીં. તેમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. તેમજ લવ જેહાદની ઘટનાને લઈને પોલીસને તાકીદ કરી હતી કે, આવી અરજી આવે તો તેની ઉપર તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. હર્ષ સંઘવીએ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના નવનિર્મિત બી-૩૨ (પી-૪) પોલીસ આવાસોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત મોરબીના નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ કર્યુ હતું.

મોરબી ખાતે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નવા બસસ્ટેશનનો શુભારંભ કરતા જણાવ્યું હતું કે, મોરબીને તમામ સુવિધા આપવીએ સરકારની ફરજ છે, ત્યારે સાડા પાંચ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક બસ સ્ટેશનનું નવલું નજરાણું સરકાર દ્વારા મોરબીને અર્પણ કરવામાં આવ્યું છે. મોરબી અને રાજકોટનું દિલ એક છે, માટે આ બન્નેને જોડતી બસની કનેક્ટિવીટી વધારવાનું કામ સરકારનું છે. આજે મોરબીથી રાજકોટની ૭૦ ઈન્ટરસિટી બસના રૂટ અને પ્રદુષણ મુક્ત ૨૦થી વધુ ઈલેક્ટ્રીક બસોના રૂટ ઉપલબ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે, આ બસ સ્ટેશન જેવી અત્યાધુનિક સુવિધાઓ પુરી પાડવાની જવાબદારી સરકારની છે, પરંતુ તે સુવિધાને સ્વચ્છ અને સલામત જાળવી રાખવાની જવાબદારી પ્રજાની છે. છેલ્લા ૧૦૦ દિવસમાં સરકાર દ્વારા ગામડાઓને જોડતી નવી ૩૫૦ બસ સેવા આપવામાં આવી છે. ઉપરાંત આગામી સમયમાં ૩૨૧ નવી બસ ફાળવવામાં આવનાર છે.

## સપ્ટેમ્બર સુધીમાં પોલીસ ભરતીની ફિઝિકલ ટેસ્ટ લેવાની જાહેરાત

**અમદાવાદ,**
પોલીસની ભરતી મુદ્દે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા જણાવ્યું કે આગામી સપ્ટેમ્બર સુધીમાં પોલીસ ભરતીની ફીઝીકલ ટેસ્ટ લેવાની જાહેરાત કરવામાં આવશે. તેમજ ઉનાળા અને ચોમાસાનાં કારણે ફીઝીકલ ટેસ્ટમાં વિલંબ થયો છે. ત્યારે સપ્ટેમ્બર સુધીમાં સરકાર ભરતીનુ આયોજન કરશે. આ બાબતે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, પોલીસ ભરતીને જે ફીઝીકલ પરીક્ષા લેવાતી હોય છે તે યોગ્ય વાતાવરણમાં લેવી પડે છે. ત્યારે કોઈ યુવાને રાહ જોવી પડશે જ નહી ગરમીની સીઝન પૂર્ણ થાય તેવી તરત જ તેની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવશે.

# સરકાર દ્વારા ૮% મોંઘવારી ભથ્થું ફાળવવામાં આવશે

**અમદાવાદ,**
રાજ્યસરકારનાં નાણામંત્રી કનુ દેસાઈએ આજે મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે મોંઘવારી ભથ્થુ જાહેર કરવાની પ્રક્રિયા હવે પૂર્ણ થવા ઉપર છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતનાં આશરે ૫ લાખ કર્મચારીઓને ૮% મોંઘવારી ભથ્થુ ફાળવવાની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવી શકે છે. ગતવર્ષની જેમ જ આ મોંઘવારી ભથ્થું ૩ હપ્તામાં ચૂકવવામાં આવશે.કર્મચારી મહામંડળનાં મંત્રી ગોપાલ પંડ્યાએ માહિતી આપી છે કે કર્મચારીઓને જૂલાઈ ૨૦૨૨થી ૩૪% મોંઘવારી ભથ્થું આપવામાં આવતું હતુ જેમાં ૪% વધારો કરીને હવે ૩૮% આપવામાં ૨૦૨૩માં આપવામાં આવતો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે કર્મચારીઓની માંગ હતી કે વર્તમાન મોંઘવારી ભથ્થામાં ૪% નો વધારો કરીને ૪૨% આપવામાં આવે.

# ગુજરાતમાં કોરોનાના ૧૫ કેસ નોંધાયા

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૧૮ મેના રોજ કોરોનાના નવા ૧૫ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૦૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૨૪એ પહોંચી છે.જેમાં અમદાવાદમાં ૦૮, ગાંધીનગરમાં ૦૨, સુરતમાં ૦૩, દાહોદમાં ૦૧, વડોદરામાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે.

# પનીર વેચતી ૧૦ ડેરીના સેમ્પલ ફેલઃ કાર્યવાહી કરાશે

**(એજન્સી)સુરત,**
સુરતીઓ છાશવારે પનીરનો ઉપયોગ કરતાં હોય તો સાવધાન થઈ જાવ. કારણ કે, પાલિકાના ફૂડ વિભાગે પખવાડિયા અગાઉ શહેરની ૧૫ ડેરી અને દુકાનોમાંથી પનીરના ૧૫ સેમ્પલ લીધા હતાં, તેમાંથી ૧૦ સેમ્પલ ફેલ થયા છે. તેમના પનીરમાં ભેળસેળ મળી આવી છે. આ તમામ ૧૦ ડેરી અને પનીર વેચતી દુકાનોમાંથી ૨૪૦ કિલો અખાદ્ય પનીરનો નાશ કરીને તમામ દુકાન અને ડેરી બંધ કરાવી દેવામાં આવી છે. ત્રણ અઠવાડિયા પહેલાં ભાવનગરમાં મોટાપાયે નકલી પનીરનું ઉત્પાદન કરી શહેરોમાં વેચાણ કરાતા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. રાજકોટ પાલિકાએ ૧૬૦૦ કિલો નકલી પનીર પકડી પાડ્યું હતું. ત્યારબાદ સમગ્ર રાજ્યના મોટા શહેરોમાં પનીરના સેમ્પલ લેવા માટેની ઝૂંબેશ છેડાઈ હતી. સુરત પાલિકાના ફૂડ વિભાગે પણ પખવાડિયા પહેલા પનીર સેમ્પલ લીધા રા. ફૂડ વિભાગે શહેરના જુદા જુદા વિસ્તારની ૧૫ ડેરીઓમાં આરોગ્યલક્ષી દરોડા પાડી પનીરની ગુણવત્તા ચકાસવા માટે ૧૫ સેમ્પલ લીધા હતા.

# રાજ્યમાં આગામી પાંચ દિવસ કાળઝાળ ગરમીથી રાહત મળશે

**(એજન્સી)ગાંધીનગર,**
રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ માટે સૂકું વાતાવરણ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. મહત્તમ તાપમાનમાં નહીં જોવા મળે કોઈ ખાસ ફેરફાર. કોઈ પણ વિસ્તારમાં હીટવેવની શક્યતા નથી. વિવિધ શહેરોમાં ૪૧થી ૪૨ ડિગ્રી આસપાસ તાપમાન રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી વાતવરણ સુકુ રહશે. વરસાદની આગાહી નથી. મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. હિટવેવની આગાહી નથી. પશ્ચિમ દિશાથી પવન ફૂંકાઈ રહ્યા છે. ૪૧ થી ૪૨ ડિગ્રી તાપમાન રહેશે. પશ્ચિમ તરફથી હવા આવવાથી બફારો રહેશે. હવામાન વિભાગ દ્વારા ગરમી અને બફારાને લઈને મહત્વની આગાહી કરવામા આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હિટવેવની આગાહી નથી જેના કારણે લોકોને ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગે આગામી ૫ દિવસ વાતાવરણ યથાવત રહેવાની આગાહી કરી છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. રાજ્યમાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આકાશમાંથી અગનજ્વાળા વરસી રહી છે.

કાળઝાળ ગરમીમાં બાળકો, સગર્ભા મહિલાઓ અને વૃદ્ધોએ બહાર નિકળવાનું ટાળવું જોઈએ. હિટવેવ અને કાળઝાળ ગરમી દરમિયાન નાના બાળકો, સગર્ભા મહિલાઓ, વૃદ્ધ અને અશકત અને બિમાર વ્યકિતઓએ તડકામાં ખાસ કાળજી રાખવી જોઈએ.

# વડોદરામાં વુડા સર્કલ ખાતે ટ્રાફિક જામની મોટી સમસ્યા

**(એજન્સી)વડોદરા,**
અમદાવાદ-વડોદરા વચ્ચે સતત અપડાઉન કરતા લોકો અને સમગ્ર વડોદરાના મુખ્ય માર્ગને જોડતું સર્કલ એટલે વુડા સર્કલ છે, પરંતુ આ મુખ્ય સર્કલ જ સૌથી મોટી સમસ્યા બની ગઈ છે. નિયમ વિરૂદ્ધ વિશાળ જગ્યામાં બનાવવામાં આવેલ આ વુડા સર્કલ પાસે પિક અવર્સમાં કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે, આ સર્કલ નિયમો મુજબ નથી બનાવ્યું. સ્થાનિકોનો આક્ષેપ છે કે, આ સર્કલ નિયમ કરતા વધારે મોટું બનાવી દીધું છે. જેના કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં તકલીફ પડે છે. એટલું જ નહિં વળાંક લેતા સમયે ઘણીવાર તો વાહનો જ પલટી મારી જાય છે. આવી અનેક ઘટનાઓ બની છે. આ મામલે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

# વિશ્વ પર્યાવરણ દિવસે મુખ્યમંત્રી દક્ષિણ ઝોનમાં વૃક્ષારોપણ કરશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ શહેરની ખાનગી શાળાને પ્લોટ ફાળવવા માટે રાજય સરકાર તરફથી મોકલવામાં આવેલ દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવ્યો છે તદઉપરાંત શહેરના બંધ ફુવારા શરૂ કરવા અને રોડ-રસ્તાના કામ ઝડપથી પુર્ણ કરવા અંગે સ્ટેન્ડિગ કમિટિમાં ચર્ચા થઈ હતી. ચાલુ વર્ષ દરમિયાન ૨૫ લાખ વૃક્ષ લગાવવા નિર્ણય કરવામાં આવ્યો છે. ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે બોકસ ક્રિકેટ શરૂ કરવા માટે પણ વિચારણા કરવામાં આવી હતી. મ્યુનિ. સ્ટેન્ડિગ કમિટિ ચેરમેન હિતેશભાઈ બારોટે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે બોડકદેવ વિસ્તારની ખાનગી શાળાને રમત-ગમત-પાર્કિંગના હેતુસર પ્લોટ ફાળવવ માટે જે દરખાસ્ત રજુ કરવામાં આવી હતી તેને લાંબા વિચારબાદ ના અંતે કમિશ્નર તરફ પરત મોકલવામાં આવી છે. હાઉસીંગ પ્રોજેકટ વિભાગ દ્વારા બે કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટ કરવા માટે પણ પ્રપોઝલ મુકવામાં આવી હતી જેમાં હજી સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી કારણ કે આ કોન્ટ્રાકટરોએ કેટલાક સ્થળે ૮૦ થી ૯૦ ટકા જેટલા કામ પુરા કર્યા છે તેથી આ મુદ્દે ચર્ચા વિચારણા કર્યા બાદ જ યોગ્ય નિર્ણય કરવામાં આવશે. નવા ટેન્ડર જાહેર કરવામાં આવે તો પ્રવર્તમાન ભાવ મુજબ પ્રતિ ચો.મી. રૂા.૩૦ હજારનો ખર્ચ થાય તેમ છે.

**ટેનિસ કોટમાં બોક્ષ ક્રિકેટ શરૂ કરવામાં આવશે : હિતેશભાઈ બારોટ**

શહેરના કેટલાક ફુવારાઓ બંધ હાલતમાં છે આ ફુવારાઓ રીપેર કરી શરૂ કરવામાં આવે તે માટે અધિકારીઓને તાકિદ કરવામાં આવી છે. મ્યુનિ. કોર્પો.માં યુએન મહેતા ટ્રસ્ટને વધુ એક બગીચો ડેવલોપ કરવા માટે આપવામાં આવશે જયારે શહેરમાં ચાલુ વર્ષ દરમિયાન ૨૫ લાખ વૃક્ષ લગાવવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસે મુખ્યમંત્રીના હસ્તે દક્ષિણ ઝોનમાં વૃક્ષારોપણ કરી તેની શરૂઆત કરવામાં આવશે. મ્યુનિ. કોર્પો. દ્વારા વિવિધ વોર્ડમાં ટેનિસ કોટ બનાવવામાં આવ્યા છે જે સ્થળે ટેનિસ કોટ કોન્ટ્રાકટરથી આપવામાં આવ્યા નથી તેવા ટેનિસ કોટમાં બોક્સ ક્રિકેટની શરૂઆત કરવા માટે પણ ચર્ચા કરવામાં આવી છે.

# કૃષિ વિભાગે ખેડૂતો માટેની ૨૬ યોજના બંધ કરી

**(એજન્સી)ગાંધીનગર,**
રાજ્યના કૃષિ વિભાગે ખેડૂતો માટેની ૨૬ યોજના એક ઝાટકે બંધ કરી દીધી છે. ખેડૂતો લાભ ન લેતા હોવાનું કારણ આગળ ધરી કૃષિ વિભાગે ૨૬ યોજના બંધ કરી છે. વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૨૨માં અમલમાં આવેલી ૨૬ યોજનાઓ બંધ કરવામાં આવી છે. યોજનાનું બજેટ વણ વપરાયેલું પડ્યું રહેતું હોવાના કારણે યોજના બંધ કરાઈ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કેટલીક યોજનાઓમાં ડુપ્લીકેશન થતું હોવાના કારણે પણ બંધ કરાઈ હોવાનો અધિકારીએ દાવો કર્યો છે. બંધ કરાયેલી યોજનાઓનું બજેટ હવે ખેડૂતલક્ષી અન્ય યોજનામાં ફાળવવામાં આવશે.

# ઉદ્યોગોની આર્થિક સલામતી અને સુરક્ષા માટે SITની રચના કરાઈ

**અમદાવાદ,**
ગુજરાતના ઉદ્યોગોને વિકાસમાં કોઈ વિક્ષેપ ન આવે તે તરફ સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. દરમિયાન મોરબીમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મોરબીના ઉદ્યોગોની આર્થિક સલામતી અને સુરક્ષા માટે સીટની રચના કરી અને તેનો આજથી જ અમલ પણ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ તકે ઉપસ્થિત મોરબીના ઉદ્યોગ જગતના અગ્રણીઓએ આ નિર્ણયને વધાવ્યો હતો.

મોરબી ખાતે ઉદ્યોગપતિઓ સાથે સંવાદ દરમિયાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મોરબીને બધું આપવા તૈયાર છે. મોરબીના સિરામીક ઉદ્યોગ સહિત અન્ય ઉદ્યોગ થકી દુનિયાનું નંબર વન સેન્ટર બનાવવું છે અને સરકાર તે તરફ તમામ પ્રયાસો કરી રહી છે. આજે મોરબી દેશના અનેક રાજ્યોના લાખો યુવાનોના રોજગારીના સપના પુરા કરી રહ્યું છે. ત્યારે મોરબી જિલ્લાના તમામ ઉદ્યોગની સુરક્ષા માટે સરકાર પણ હંમેશા કટિબદ્ધ છે. મોરબીના ઉદ્યોગોનો વ્યાપારની સલામતિ માટે કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી તમામ ઉદ્યોગોની માંગ હતી જે રાજ્ય સરકારે પુરી કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મોરબીના ઉદ્યોગો સાથે કોઈ માઈનો લાલ છેતરપીંડી ન કરી શકે તે માટે સીટની રચના કરી તેનો આજથી જ અમલ કરવામાં આવે છે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સીટની રચના કરીને ઉદ્યોગો માટે અલાયદી કાયદાકીય વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ઉદ્યોગપતિઓ સાથે છેતરપિંડી કરનારાઓની ઉંઘ હરામ થઈ જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મોરબીમાંથી માલ મેળવીને પછી પેમેન્ટ માટે જવાબ નહીં દેનાર કે ફોન નહીં ઉપાડનાર વેપારીઓને સીટ મોરબીના ધક્કા ખવડાવશે. અહીંના વેપારી વિશ્વાસથી માલ આપે ત્યારે સામે વિશ્વાસઘાત કરનારા પર ક્રિમિનલ ફોજદારી થઈ શકે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# કેવડિયામાં સરકારની ૧૦મી ત્રિદિવસીય ચિંતન શિબિર યોજાશે

**(એજન્સી)અમદાવાદ,**
સ્ટેચ્યુ ઓફ યુનિટીકેવડિયા ખાતે યોજાનારી આ શિબિરમાં મુખ્યમંત્રી સહિત રાજયમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવઓ, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેક્ટર-ડી.ડી.ઓ, મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા લોકો જોડાશે.

આ વર્ષે યોજાનારી ચિંતન શિબિરમાં પાંચ વિષયો પર મનોમંથન થવાનું છે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય વિકાસ અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓ, પ્રત્યેક ગ્રુપમાં ૪૫, એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને ચર્ચાને અંતે પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન પણ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી સુશાસનની એક મહત્વપૂર્ણ પહેલ 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમે' હાલમાં જ ૨૦ વર્ષ પૂરા કર્યા છે.

એ જ રીતે, ૨૦૦૩ માં શરૂ થયેલી ચિંતન શિબિર પણ પોતાના ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. જેમ, સ્વાગત જેવો ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્ય રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે પણ અપનાવ્યો છે. ૧૭ મે ના રોજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે ચિંતન શિબિરનું આયોજન કર્યું છે.

# મ્યુનિસિપલ સ્ટેન્ડિગ કમિટિએ ખાનગી સ્કૂલને પ્લોટ ફાળવવાની દરખાસ્ત ફગાવી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી પ્રકાશ સ્કૂલની બાજુમાં વર્ષો પહેલા ઔડા દ્વારા મનપાને ફાળવવામાં આવેલાં કરોડો રૂપિયાના પ્લોટને સ્કૂલને કાયમી ધોરણે ફાળવી દેવાની વિવાદાસ્પદ દરખાસ્તને આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીએ ફગાવી દીધી છે. ટોકન ભાવે કરોડોની કિંમતનો પ્લોટ ફાળવી દેવામાં મામલે વિપક્ષ કોંગ્રેસ દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો હતો.

મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ એ જણાવ્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટીમાં વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી પ્રકાશ હાઈસ્કુલની બાજુમાં ઔડા દ્વારા જે ભૂતકાળમાં પ્લોટ ફાળવવામાં આવ્યો હતો તે મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીનો છે અને તેને ટોકન ભાવે આપવાની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીમાં મુકવામાં આવી હતી જેને આજે મ્યુનિસિપલ કમિશનર તરફ પરત મોકલવામાં આવી છે.

ઔડા દ્વારા શાળાને ફાળવેલા આવા ૧૪ પ્લોટમાં વિવાદ ચાલી રહ્યો છે. સ્કુલો દ્વારા ચારે તરફથી કોર્ડન કરી દઈ નાગરીકોના ઉપયોગ માટે નહી રાખવામાં આવતા સામાજીક કાર્યકર દ્વારા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરાઈ હતી. કોર્પોરેશને હાઈકોર્ટમાં સોગંદનામું કરીને એવી ખાતરી આપી હતીકે, ગાર્ડનના પ્લોટ તેઓ આ રીતે શાળાઓને નહી ફાળવે. જોકે તે બાદ આ વધુ એક પ્લોટ આપવાની પેરવી આવતાં મ્યુનિ. દ્વારા હાઈકોર્ટ સમક્ષ કરેલી એફિડેવીટનો ભંગ નહી કરવા માટે તંત્ર સમક્ષ લેખીત રજૂઆત કરી હતી પિટિશન દરમ્યાન હાઈકોર્ટના આદેશથી આવી એક શાળાનો પ્લોટ પરત લેવામાં આવ્યા હતા. જે બાદ યથાવત સ્થિતિ જાળવવાનો હુકમ થયો હતો.

મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટીમાં વસ્ત્રાપુર વિસ્તારમાં પ્રકાશ સ્કૂલની બાજુમાં પ્લેગ્રાઉન્ડના હેતુ માટે રહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટને કાયમી ધોરણે આપવાની દરખાસ્ત મુકવામાં આવી હતી. રાજ્ય સરકારના નિયત કરેલા ભાવ અને સમય મુજબ આ પ્લોટને ટોકન દરે ભાડે આપવાની દરખાસ્ત મુકાઈ હતી. સ્કૂલના સમય દરમિયાન સ્કૂલના બાળકો માટે રમત ગમતના મેદાન તરીકે તેનો ઉપયોગ કરી શકાશે પરંતુ સ્કૂલના સમયગાળા બાદ લોકો માટે આ પ્લોટને ખુલ્લો રાખવામાં આવશે.

સૂત્રો મુજબ અમદાવાદની ૧૪ સ્કૂલોની બાજુમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્લોટ કુલ ૫૪૦૦૦ ચોરસ મીટર જેટલી જગ્યામાં આવેલા છે તેની કિંમત રૂપિયા ૫૦૦ કરોડથી વધુ થાય છે. સરકારમાંથી આવેલા પત્ર મુજબ વસ્ત્રાપુરની પ્રકાશ સ્કૂલની જો દરખાસ્ત મંજૂર થયા બાદ સરકારના નિયમ બાદ તેને મંજૂરી આઆપવામાં આવતું અને કરોડોની જમીન ટોકન ભાવે જતી રહેતી. આ એક સ્કૂલને મંજૂરી આપ્યા બાદ અન્ય સ્કૂલો પણ આ જ રીતે પ્લોટને સામાન્ય દરેથી ભાડાપટ્ટે જો મેળવી લેવામાં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશનના કરોડો રૂપિયાના પ્લોટની માત્ર સામાન્ય આવક જ થાય જેથી કોર્પોરેશનને કરોડોનું નુકસાન થાય એમ હતું.

# ધોરણ-૧૨ સા.પ્રવાહનું પરિણામ ૨૫મેથી ૫ જૂન વચ્ચે જાહેર થશે

**(એજન્સી)ગાંધીનગર,**
ગુજરાત શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. હવે સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે આગામી ૨૫મેથી ૫મી જૂન વચ્ચે પરિણામ જાહેર થાય તેવી શક્યતાઓ છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ ધોરણ ૧૦નું પરિણામ ગણતરીના દિવસોમાં જ જાહેર થઈ જશે. હાલમાં શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પણ પરિણામની આતુરતા પૂર્વક રાહ જોઈને બેઠા છે.

બીજી તરફ માર્ચ-૨૦૨૩માં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે બેઠક વ્યવસ્થા સીસીટીવી કેમેરાથી સજ્જ વર્ગખંડમાં કરવામાં આવી હતી. ત્યારે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં કરેલી ગેરરીતિમાં બોર્ડના ફલાઈંગ સ્ક્વોડમાં છટકી ગયેલા વિદ્યાર્થી હવે સીસીટીવી કેમેરાના ફૂટેજમાં ઝડપાઈ ગયા છે. જેના આધારે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા વિદ્યાર્થીઓ ઝડપાઈ ગયાં છે. ગેરરીતિ રોકવા માટે બનાવવામાં આવેલી અધિકારીની ફલાઈંગ સ્ક્વોડ માત્ર ૬૦ વિદ્યાર્થીને જ પકડી શકી છે.

વર્ગખંડમાં ગોઠવાયેલા સીસીટીવી કેમેરાની ચકાસણી બાદ બોર્ડે ગેરરીતિના કેસ અલગ તારવ્યા છે. જેના કારણે જે તે વિદ્યાર્થીનાં પરિણામો અનામત રાખવામાં આવશે. હવે પછી ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને નોટિસ આપીને બોર્ડના અધિકારીઓ સમક્ષ બોલાવાશે અને તેમનો ખુલાસો મેળવાયા બાદ તેમના જવાબના આધારે ગેરરીતિના કેસ માટે નિયત કરેલા નિયમોનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષા કરવામાં આવશે.



સાબમરતી નદી પર બનાવાયેલ અટલ ફુટ બ્રિજ પરના કાચ તૂટી ગયો હતો જેના કારણે રેલીંગ કરવામાં આવી છે .(**તસવીર :જયેશ મોદી**)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન